
# ફુડ સિક્યુરિટી બિલને મંજુરી આપવા વડાપ્રધાનની અપીલ



નવી દિલ્હી, તા. ૩

સંસદના મોનસૂન સત્રની શરૂઆત આડે કલાકોનો ગાળો બાકી રહ્યો છે ત્યારે વડાપ્રધાન મનમોહનસિંહે આજે રચનાત્મક સંસદની કામગીરી માટે વિરોધ પક્ષોને અપીલ કરી હતી સાથેસાથે સંસદની કામગીરી સાનુકૂળરીતે ચાલે તે માટે સહકાર આપવા વિરોધ પક્ષોને અપીલ પણ કરી હતી. ફુડ સિક્યુરિટી બિલ અંગે મહત્ત્વપૂર્ણ વટહુકમ સહિત ઘણા મહત્વપૂર્ણ બિલને પસાર કરવામાં સહકાર આપવા વિપક્ષને અપીલ કરી હતી. મનમોહનસિંહે એમ પણ કહ્યુ હતુ કે વિરોધ પક્ષ દ્વારા ઉઠાવવામાં આવેલા તમામ મુદ્દા પર ચર્ચા કરવામાં આવશે. સિંહે આશા વ્યક્ત કરી હતી કે સોમવારથી શરૂ થઈ રહેલા સંસદના મોનસૂન સત્રની કામગીરી સાનુકૂળરીતે ચાલશે. આ ખૂબજ રચનાત્મક અને પરિણામલક્ષી સત્ર રહેશે તેવો દાવો તેમણે કર્યો હતો. અગાઉના બેથી ત્રણ શેસન્સમાં ઘણો બધો સમય બરબાદ થઈ ગયો છે જેથી સંસદ સમક્ષ ઘણા મુદ્દાઓ પેન્ડિંગ રહેલા છે. સંસદની કામગીરી સાનુકૂળરીતે ચાલે તેની ખાતરી કરવા લોકસભાના અધ્યક્ષમીરાકુમાર દ્વારા બોલાવવામાં આવેલી સર્વપક્ષિય બેઠક બાદ પત્રકારો સાથે વાતચીત કરતા સિંહે કહ્યુ હતુ કે તેઓ ગંભીરતાપૂર્વર એવી આશા રાખી રહ્યા છે કે ગૃહના તમામ વર્ગો સહકાર કરશે.

સરકાર વિરોધ પક્ષોને ગુંચવણમાં મુકનાર તમામ મુદ્દાઓ પર ચર્ચા કરવા તૈયાર છે પરંતુ અમે વિપક્ષને સન્માનપૂર્વક સહકાર આપવા અપીલ કરી રહ્યા છીએ. સંસદ સમક્ષ રહેલા છ વટહુકમ પૈકીના પાંચ ખૂબજ મહત્વપૂર્ણ છે જે પૈકી એક ફુડ સિક્યોરિટી ખૂબજ મહત્વપૂર્ણ છે. સંસદીય બાબતોના પ્રધાન કમલનાથે કહ્યુ હતુ કે સાનુકૂળ સત્ર ચાલશે તેની ખાતરી ઘણા બધા રાજકીય પક્ષો તરફથી મળી છે. સત્રમાં આ વખતે ઘણા એવા મુદ્દા છે જે સરકારને મુશ્કેલીમાં મુકશે જેમાં તેલંગાણા, મોંઘવારી, આતંકવાદી હિંસા, ફુગાવા, દેશની આંતરિક સ્થિતિ, મધ્યાહન ભોજનમાં બાળકોના મોત જેવી બાબતોનો સમાવેશ થાય છે. ફુડ સિક્યુરિટી બિલ પસાર થાય તે માટે તમામની મદદ જરૂરી રહેશે.




# જમ્મુ કાશ્મીરમાં બીજા દિવસે ભૂકંપ

## મકાનોમાં તિરાડ ઉપરાંત ફોનલાઈન પણ ઠપ થઈ

જમ્મુ,તા. ૩

જમ્મુ કાશ્મીરમાં આજે સતત બીજા દિવસે પણ ભૂકંપનો આંચકો નોંધાયો હતો. મળેલી માહિતી મુજબ આજે વહેલીપરોઢે ત્રણ વાગે રિક્ટર સ્કેવર ઉપર ૫.૨ની તીવ્રતાનો આ આંચકો નોંધાયો હતો. મોટાભાગના લોકો ઊંઘમાં હોવાથી તેની જાણ થઈ ન હતી. જો કે ટ્રાફિક અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે કિસ્તવાલમાં કેટલાક મકાનોમાં તિરાડો પડી ગઈ હતી. પૂંચમાં ફોન લાઈન પણ ઠપ થઈ ગઈ હતી.




અત્રે ઉલ્લેખનીય છે કે ઉત્તર ભારતના અનેક વિસ્તારોમાં ગઈકાલે સવારે પણ ભૂકંપના આંચકાના કારણે ખળભળાટ મચી ગયો હતો. ઉત્તર ભારતના આ ભાગો ભૂકંપથી હચમચી ઉઠ્યા બાદ લોકો દહેશતના કારણે ઘરની બહાર દોડી ગયા હતા. ગઈકાલે આઠ વાગે ભૂકંપના આંચકા અનુભવ કરવામાં આવ્યા હતા. જમ્મુ કાશ્મીરના કિસ્તવાર, ડોડા અને ભદ્રાવામાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. આ ઉપરાંત પંજાબ અને હિમાચલ પ્રદેશના ઘણા ભાગોમાં પણ ભૂકંપના આંચકા આવ્યા હતા. ગઈકાલે આવેલા ભૂકંપનું કેન્દ્ર કિસ્તવારથી ૧૩ કિલોમીટરના અંતરે હોવાનું જાણવા મળ્યું હતુ. ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેવર ઉપર ૫.૪ જેટલી આંકવામાં આવી છે. ભૂકંપના આંચકાની અસર આશરે સાત સેકન્ડ સુધી રહી હતી. આંચકો અનુભવાયા બાદ લોકો પોતપોતાના ઘરથી બહાર દોડી ગયા હતા. અનેક જગ્યાઓ ઉપર સ્કૂલમાંથી સવારે બાળકો બહાર નીકળી ગયા હતા.

સાવચેતીના પગલા રૂપે કેટલીક સ્કૂલોમાં રજા પણ જાહેર કરાઈ હતી. મોટાભાગના લોકો સવારે આંચકો આવ્યો ત્યારે તેમના ઘરમાં જ હતા. જમ્મુ કાશ્મીરના પટ્ટામાં સૌથી વધારે અસર જોવા મળી હતી. જમ્મુ કાશ્મીરમાં હાલના સમયમાં અનેક વખત આંચકા આવી ચૂક્યા છે. ભદરવા અને તેના આસપાસના વિસ્તારોમાં મે મહિનામાં ૩૭ આંચકાઓ આવ્યા હતા. દેશના જુદા જુદા ભાગોમાં અને ખાસ કરીને જમ્મુ કશ્મીરમાં તાજેતરમાં આવેલા ભૂકંપના મામલામાં ભૌગોલિક અભ્યાસની કામગીરી હાથ ધરવામાં આવી છે.

# અડવાણી પીએમ પદ માટે સૌથી લાયક ઉમેદવાર છે : શત્રુઘ્ન

નવી દિલ્હી, તા. ૩

ભાજપના સાંસદ શત્રુઘ્ન સિંહાએ આડેધડ નિવેદનોનો દોર જારી રાખ્યો છે. શિસ્તના પગલાની તલવાર તોળાઈ રહી હોવા છતાં શત્રુઘ્નસિંહાએ પોતાના અભિપ્રાયો આપવાનો સિલસિલો જારી રાખ્યો છે. ટીવી ચેનલ સાથેની વાતચીતમાં શત્રુઘ્નએ ફરી કહ્યુ છે કે અડવાણી પક્ષના વડાપ્રધાન પદના સૌથી લાયક ઉમેદવાર છે. તેમણે ઉમેર્યુ હતુ કે



ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને પક્ષની ચૂંટણી પ્રચાર સમિતિના વડા બનાવવાની બાબત પણ યોગ્ય નથી. બિહારમાં પટણા સાહિબમાંથી ભાજપના સાંસદે કહ્યુ હતુ કે લોકપ્રિયતાની બાબતને ધ્યાનમાં લેવી યોગ્ય નથી. અત્રે ઉલ્લેખનીય છે કે જૂન મહિનામાં ગોવામાં પણજી ખાતે ભાજપની બેઠકમાં મોદીને વર્ષ ૨૦૧૪માં યોજાનારી ચૂંટણી માટે પક્ષના ચૂંટણી પ્રચાર સમિતિના વડા તરીકે પસંદગી કરાઈ હતી. ટોચના હોદ્દા માટે શત્રુઘ્ન વારંવાર અડવાણીને ટેકો આપી રહ્યા છે. અડવાણીએ ખુબ વધી ગયેલી વય અંગે પૂછવામાં આવતા શત્રુઘ્નસિંહાએ કહ્યુ હતુકે જો મનમોહનસિંહ વડાપ્રધાન બની શકે છે તો અડવાણી શા માટે નહીં. મનમોહનસિંહ ૮૦ વર્ષનાછે જ્યારે અડવાણી ૮૫ વર્ષના છે.મોદીની ટીકા તેઓ શા માટે કરી રહ્યા છે તે અંગે પુછવામાં આવતા તેમણે કહ્યુ હતુ કે તેઓ સાચી વાત કરી રહ્યા છે. જો સાચી વાત કરવી બળવા સમાન છે તો આનાથી તેઓ ખુશ છે.

## દાર્જીલિંગમાં બંધથી જનજીવન ખોરવાયુ

# અલગ બોડોલેન્ડ રાજ્ય અને અલગ ગોરખાલેન્ડ રાજ્યની માંગણી તીવ્ર

દાર્જીલીંગ, તા. ૩

અલગ ગોરખાલેન્ડ રાજ્ય માટેની માંગણીને લઈને દાર્જીલીંગમાં પણ આજે અચોક્કસ મુદતમાં બંધની હાંકલ કરવામાં આવી હતી જેના કારણે દાર્જીલીંગ પહાડીવિસ્તારોમાં જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયુ હતુ. તેલંગાણાની જેમ જ અલગ ગોરખાલેન્ડ માટેની માંગણી પર દબાણ લાવવા ગોરખા જનમુક્તિ મોરચા દ્વારા અચોક્કસ મુદતના બંધની હાકલ કરવામાં આવી છે. બંધના કારણે તમામ દુકાનો, બજારો, સ્કૂલો, કોલેજો, સરકારી અને ખાનગી ઓફિસો અને બેંકિંગ ઓફિસો બંધ રહી હતી. વાહનો પણ માર્ગો પર દેખાયા ન હતા. માર્ગો પર બાળકો નજરે પડ્યા હતા. જો કે સવારે છ વાગ્યાથી બંધની શરૂઆત થયા બાદથી નવેસરથી હિંસાના કોઈ અહેવાલ મળ્યા નથી. શહેરના જુદા જુદા ભાગોમાં સીઆરપીએફના જવાનો ગોઠવી દેવામાં આવ્યા હતા. મહિલા સીઆરપીએફના જવાનો



પણ તૈનાત કરાયા હતા. ગોરખા જનમુક્તિ મોરચા દ્વારા તમામ વાહનોને રોકવામાં આવ્યા હતા જો કે ઈમરજન્સી સેવાને કોઈ અસર થઈ ન હતી. દરમિયાન છ સભ્યની ગોરખા જનમુક્તિ મોરચાની ટીમ દિલ્હી પહોંચી ગઈ છે અને કેટલાક સાંસદોનો સંપર્ક કરી રહી છે.

અલગ ગોરખાલેન્ડ રાજ્યની માંગણી હવે તીવ્ર બની શકે છે કારણ કે અલગ તેલંગાણાની રચનાને યુપીએ દ્વારા મંજુરી આપી દેવાઈ છે. પક્ષના સૂત્રોનું કહેવું છે કે આ લોકો એઆઈસીસીના જનરલ સેક્રેટરી અંબિકા સોનીને મળવાના પ્રયાસ કરી રહ્યા છે. દાર્જીલીંગમાં હાલમાં પરિસ્થિતિ તંગ બનેલી છે. બીજી બાજુ જીજેએમના સહાયક જનરલ સેક્રેટરી તમાંગે પક્ષના ટ્રેડ યુનિયન લીડર સરોજ તમાંગના મોત માટે શાસક તૃણમૂલ કોંગ્રેસ પર આક્ષેપ કર્યા છે અને કહ્યુ છે કે તૃણમૂલ કોંગ્રેસ દાર્જીલીંગ પહાડી વિસ્તારોમાં ગોરખા જનમુક્તિ મોરચાની પ્રતિષ્ઠા ખરડવાના પ્રયાસમાં છે. અલગ રાજ્યની માંગણી તાજેતરમાં તીવ્ર બની રહી છે.

# બોડોલેન્ડ : આસામમાં હિંસા હજુય જારી, સ્થિતિ વિસ્ફોટક

ગુવાહાટી, તા. ૩

તેલંગાણાની જેમ જ અલગ રાજ્યની માંગણીને લઈને આસામમાં પણ હિંસાનો દોર શરૂ થઈ ગયો છે. નવેસરની હિંસાના કારણે કારબીએનલોંગ જિલ્લામાં ભારે તંગદિલી ઉભી થઈ ગઈ છે. અહીં જુદી જુદી સરકારી કચેરીઓને જુદા જુદા સંગઠનો સાથે સંકળાયેલા કાર્યકરોએ આગ ચાંપી હતી. આ ઉપરાંત ટ્રેનોના ટ્રેકને પણ નુકસાન પહોંચાડ્યુ હતુ. જુદીજુદી સંસ્થાઓના કાર્યકરો અલગ રાજ્યની માંગણીને લઈને હિંસા પર ઉતરી આવ્યા છે. આ આંદોલનકારીઓએ સિંચાઈ, કૃષિ, આરોગ્ય, બાળવિકાસ, પીડબલ્યુડીની કચેરીઓને આંગ ચાંપી હતી. કારબીએનલોંગ જિલ્લામાં ભારે વિસ્ફોટક સ્થિતિ પ્રવર્તી રહી છે. દેખાવકારોએ આજે ડીફુ અને ડોલડોલી સ્ટેશન વચ્ચે રેલવે ટ્રેકના એક હિસ્સાને નુકસાન પહોંચાડ્યુ હતુ જેના કારણે ટ્રેનોની અવરજવરને રોકવામાં આવી હતી. આજે સતત બીજા દિવસે પણ પશ્ચિમ કારબીએનલોંગમાં અ ચોક્કસમુદતની સંચારબંદી જારી રાખવામાં આવી હતી જ્યારે આ જિલ્લા હેડક્વાર્ટરમાં પ્રતિબંધાત્મક આદેશોમાં પણ કોઈ રાહત આપવામાં આવી ન હતી. સેના દ્વારા લોકોમાં વિશ્વાસ જગાવવા માટે ફ્લેગમાર્ચનું આયોજન કરાયુ હતુ. હિંસાગ્રસ્ત આ જિલ્લાના કેટલાક ભાગોમાં તંગદિલી જોવા મળી હતી. દરમિયાન નવેમ્બર ૨૦૧૧માં દિલ્હીમાં કેન્દ્ર અને આસામ સરકાર સાથે શાંતિ સમજૂતિ પર હસ્તાક્ષર કરનાર યુપીડીએસ દ્વારા પણ ચોક્કસ રજુઆતો કરવામાં આવી છે. આસામમાં પણ હવે અલગ રાજ્યની માંગણીને લઈને હવે હિંસાનો દોર શરૂ થઈ ગયો છે. બોડોલેન્ડની માંગણી વધુ તીવ્ર બની છે. કારબીએનલોંગમાં ગઈકાલે પોલીસને સ્થિતિને કાબૂમાં લેવા ગોળીબાર કરવાની ફરજ પડી હતી. હિંસાનો દોર જારી રહ્યો છે. અલગ રાજ્યોની માંગણી તીવ્ર રહે તેમ માનવામાં આવે છે.

## અનેક ટ્રેનોને અર્ધવચ્ચે રોકવાની ફરજ પડી

# ગયામાં માઓવાદીઓએ રેલવે ટ્રેકને બ્લાસ્ટ કરીને ફૂંકી મારતા ટ્રેન સેવાને માઠી અસર

પટના, તા. ૩



બિહારમાં માઓવાદીઓએ ગયામાં રેલવે ટ્રેકને બ્લાસ્ટ કરીને ફૂંકી મારતા ટ્રેન સેવાને માઠી અસર થઈ હતી. મળેલી માહિતી મુજબ માઓવાદીઓએ મોડી રાત્રે ગયામાં રેલવે ટ્રેકને ફૂંકી મારવામાં સફળતા મેળવી હતી જેના લીધે મધ્ય પૂર્વ રેલવેના ગયા-મુગલસરાએ રૂટ ઉપર ટ્રેનોની અવર જવરને માઠી અસર થઈ હતી. ટ્રેક ઉપર પુનઃ નિર્માણ કામગીરી ફરી હાથ ધરવામાં આવી હતી. પરૈયા અને ગુરારુ રેલવે સ્ટેશન વચ્ચે રેલવે ટ્રેકને માઓવાદીઓએ ફૂંકી માર્યુ હતું. ગયા રેલવેના ડીએસપી સુનિલ કુમારે કહ્યુંછે કે રાત્રે ૧૧.૨૦ વાગ્યાની આસપાસ હાવડા-દિલ્હી રાજધાની ટ્રેનના પાઈલોટ એન્જીને આ વિસ્તારને પાર કર્યા બાદ આ બ્લાસ્ટ થયો હતો. અલબત્ત આ બ્લાસ્ટમાં કોઈપણ ખુવારી થઈ નથી. સામાન્ય રીતે પાઈલોટ એન્જીન અને તેની પાછળ આવનાર ટ્રેનમાં એક કલાકનું અંતર રહે છે. બ્લાસ્ટ થયા બાદ હાવડા-દિલ્હી રાજધાની ટ્રેનને પરૈયા સ્ટેશન ઉપર રોકી દેવાની ફરજ પડી હતી. ભુવનેશ્વર-દિલ્હી રાજધાની અને સિયાલદાહ-દિલ્હી રાજદાની સહિત અનેક ટ્રેનોને ગયા રેલવે સ્ટેશન ઉપર રોકી દેવામાં આવી હતી. ડીએસપીનું કહેવુંછે કે વરિષ્ઠ અધિકારીઓ ઘટના સ્થળે પહોંચી જઈને ટ્રેકને પુનઃ વ્યવસ્થિત કરવાની કામગીરી ઉપર નજર રાખી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે બિહારમાં મોટા પ્રમાણમાં માઓવાદીઓ સક્રિય થયેલા છે. વારંવાર ટ્રેનને ટાર્ગેટ બનાવીને આ લોકો હુમલા કરે છે.

# ભ્રષ્ટાચાર માટે નેતાઓમાં અહંકાર મુખ્ય જવાબદાર

પૂણે, તા. ૩

ભ્રષ્ટાચાર દેશની સૌથી મોટી સમસ્યા છે તેમ જણાવીને ભાજપના વરિષ્ઠનેતા લાલકૃષ્ણ અડવાણીએ આજે કહ્યુ હતુકે ભ્રષ્ટાચાર માટે રાજકીય વર્ગમાં અહંકાર મુખ્યરીતે જવાબદાર છે. અડવાણીએ એમ પણ કહ્યુ હતુ કે ભ્રષ્ટાચારની સમસ્યાનો વહેલીતકે ઉકેલ લાવવામાં આવે તે જરૂરી છે પરંતુ આ ખુબજ મુશ્કેલ અને પડકારરૂપ બાબત છે. ભ્રષ્ટાચારની સમસ્યા રાજકીય નેતાઓના અહંકારના કારણે ઉપજેલી સમસ્યા છે. રાજકીય નેતાઓ પોતાને શક્તિશાળી ગણે છે. સિંધી આધ્યાત્મિક નેતા દાદાજેપી વાસવાનીના ૯૫માં જન્મદિવસના પ્રસંગે પૂર્વ નાયબ વડાપ્રધાને સિંધી ભાષામાં વાત કરી હતી. તેમણે કહ્યુ હતુકે રાજકીય નેતાઓમાં આપવા માટેની ભાવના વિકાસ પામે તે જરૂરી છે.

# જેટ ૧૭૭૭ રૂપિયામાં લો કોસ્ટ એર ટિકિટ વેચશે જ

નવી દિલ્હી, તા. ૩

ઉડ્ડયન ક્ષેત્રમાં હાલ ગળાકાપ સ્પર્ધા ચાલી રહી છે. આની નોંધ લઈને જેટ એરવેજે હવે પ્રવાસીઓને આકર્ષિત કરવાના હેતુસર ખૂબજ સસ્તામાં સાત લાખ સ્થાનિક વિમાની ટિકિટોના વેચાણનો નિર્ણય કર્યો છે.

સપ્તાહ સુધી આ વેચાણ ચાલશે. માત્ર ૧૭૭૭ રૂપિયામાં વિમાની ટિકિટ ઉપલબ્ધ બનશે. એક તરફનું ઈકોનોમી ભાડુ ૧૭૭૭ રૂપિયા, ૨૭૭૭ રૂપિયા અને ૩૭૭૭ રૂપિયા રહેશે. આ ત્રણેય ભાડા ક્રમશઃ ૭૫૦ કિલોમીટરથી ઓછા, ૭૫૦-૧૦૦૦ વચ્ચે કિલોમીટર, અને ૧૦૦૦થી ઉપર કિલોમીટર માટે લાગુ પડશે. જેટ એરવેજના પ્રવક્તાએ કહ્યુ છે કે ફ્યુઅલ સરચાર્જ ટિકિટના ખર્ચના ભાગરૂપે રહેશે પરંતુ યાત્રીને લાગુ પડતા ટેક્સ જ ચૂકવવાના રહેશે. જોકે આ લાભ લેવા માટે ટિકિટ નવમી ઓગસ્ટ પહેલા બુક કરાવવી પડશે. સાત દિવસના ગાળા દરમિયાન એડવાન્સ ટિકિટ પર જ આ લાભ મળી શકશે. પ્રવક્તાનું કહેવું છે કે આ ટિકિટ નોન રિફંડેબલ રહેશે. તારીખમાં ફેરફારને પ્રતિસેક્ટર ૧૨૦૦ રૂપિયાના ચાર્જમાં મંજુરી અપાશે જે હાલમાં અમલી છે. જેટની આ હિલચાલને ખૂબજ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. અન્ય એરલાઈન્સો પણ આ દિશામાં આગળ વધે તેમ માનવામાં આવે છે. જેટની લિમિટેડ ગાળા માટેની બોનાન્જા સ્કીમ મંદીની સિઝનમાં લોકોને આકર્ષિત કરી શકે છે. નાણાંકીય મુશ્કેલીમાં હોવા છતાં ભારતીય ઉડ્ડયન ઉદ્યોગમાં ઓછા ભાડા માટેની લડાઈ ચાલી રહી છે. લો કોસ્ટ કેરિયર જુદા જુદા ક્ષેત્રોમાં હાલ સ્પર્ધામાં છે. કેન્દ્રિય કેબિનેટની જેટ-ઈતિહાદ સમજૂતિને મંજુરી મળી નથી. આ સમજૂતિને મંજુરી મળી ગયા બાદ સ્પર્ધા વધુ તીવ્ર બની શકે છે.

# દુર્ગાશક્તિને ન્યાય મળે તે જરૂરી છે : સોનિયા ગાંધીનો સિંહને પત્ર

નવી દિલ્હી, તા. ૩

ઉત્તરપ્રદેશ સરકાર દ્વારા સસ્પેન્ડ કરવામાં આવેલા આઈએએસ ઓફિસર દુર્ગાશક્તિ નાગપાલનો મામલો હવે કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી પાસે પણ પહોંચી ગયો છે. આ મામલાએ ભારે રાજકીય ગરમી માત્ર ઉત્તરપ્રદેશમાં જ નહીં બલકે દિલ્હીમાં પણ જગાવ્યો છે. હચમચી ઉઠેલા કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ આ મામલે ચિંતા વ્યક્ત કરીને વડાપ્રધાન મનમોહનસિંહને પત્ર લખ્યો છે. સાથે સાથે આ મામલામાં દરમિયાનગીરી કરવાની માંગ કરી છે. ઉત્તરપ્રદેશ સરકાર દ્વારા નોઈડાના એસડીએમ દુર્ગાશક્તિ નાગપાલના સસ્પેન્શનના મામલામાં દરમિયાનગીરી કરીને વિવાદનો ઉકેલ લાવવા રજુઆત કરવામાં આવી છે. નોઈડામાં જમીન માફિયા સામે આંદોલન છેડી જનાર ઓફિસરને ન્યાય મળે તેની ખાતરી કરવા વડાપ્રધાનને અપીલ કરવામાં આવી છે.

સિંહને લખવામાં આવેલા પત્રમાં કોંગ્રેસ પ્રમુખે કહ્યુ છે કે આ મામલો રાજ્ય સરકાર અને



આઈએએસ અધિકારીનો છે છતાં કેન્દ્ર સરકારે આ સમસ્યા વધુ ન વણસે તેવા પ્રયાસ કરવા જોઈએ. ગૌતમબુદ્ધ નગરના સબ ડિવિજનલ મેજિસ્ટ્રેટ (એસડીએમ) દુર્ગાને કઈ રીતે મદદરૂપ થઈ શકાય છે તેમાં તપાસ કરવા વડાપ્રધાનને કહ્યુ છે કે આ ઓફિસરને કોઈ પણ પ્રકારને અન્યાય ન થાય તેની ખાતરી કરવા માટે પ્રયાસ કરવા જોઈએ તેવી અપીલ ગાંધીએ કરી છે. કેન્દ્ર સરકારે આ મામલામાં દરમિયાનગીરી કરવી જોઈએ. નાગપાલને ૨૮મી જુલાઈના દિવસે સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. ઉત્તરપ્રદેશ સરકારની એવી દલીલ છે કે નાગપાલે નોઈડામાં એક મસ્જિદની દિવાલને તોડી પાડવાનો આદેશ કર્યો હતો જેથી હિંસા ભડકી ઉઠી હતી. દરમિયાન સામાજિક કાર્યકર નૂતન ઠાકુરે યુપીએ એગ્રે ચેરમેન સામે રાષ્ટ્રીય મહિલા પચ સમક્ષ ફરિયાદ દાખલ કરી દીધી છે. ફરિયાદમાં ઠાકુરે આઈએએસ ઓફિસર સામે લેવામાં આવેલા પગલા સામે જોરદાર વાંધો ઉઠાવ્યો છે. ઠાકુરનું કહેવું છે કે દુર્ગાશક્તિએ ખૂબજ સાહસ પૂર્વક જમીન માફિયા સામે પગલા લીધા છે. એનસી ડબલ્યુના ચેરમેન મમતા શર્મા સમક્ષ રજુઆત કરવામાં આવી ચુકી છે. ઠાકુરે અગાઉ અલ્હાબાદ હાઈકોર્ટમાં પણ એક અરજી દાખલ કરી હતી.

# ભારતીય દૂતાવાસની બહાર બ્લાસ્ટ : ૧૨ બાળકોના મોત

કાબૂલ, તા. ૩

પાકિસ્તાનની સરહદ સાથે સંકળાયેલા અફઘાનિસ્તાનના જલાલાબાદ શહેરમાં ભારતીય વાણિજ્ય દૂતાવાસનીપાસે આત્મઘાતી હુમલાખોરોએ વિસ્ફોટક ભરેલી એક ગાડી ફૂંકી મારી હતી જેમાં ઓછામાં ઓછા ૧૨ લોકોના મોત થયા છે અને અન્ય ૨૦ લોકો ઘાયલ થયા છે જે પૈકી કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. વાણિજ્ય દૂતાવાસની સામે બ્લાસ્ટ થયો હોવાના અહેવાલને સમર્થન આપતા નવી દિલ્હી સ્થિત સત્તાવાર સૂત્રોએ કહ્યુ છે કે તમામ ભારતીયો સુરક્ષિત છે. વાણિજ્ય દૂતાવાસને પણ કોઈ મોટુ નુકસાન થયુ નથી. અહેવાલમાં જણાવવામાં આવ્યુ છે કે આ બ્લાસ્ટ થાય બાદ ભારે અફડાતફડી મચી ગઈ હતી. નંગરહાર પ્રાંતમાં પોલીસ વડા જનરલ શરીફ અમીને કહ્યુ હતુકે આ કાર બોમ્બ જલાલાબાદમાં ભારતીય વાણિજ્ય દૂતાવાસ તરફ જતા રસ્તામાં સ્થિત એક મસ્જિદની નજીક મુકવામાં આવ્યો હતો. હુમલામાં ઘાયલ થયેલાઓમાં બાળકોનો સમાવેશ થાય છે. આ બાળકો મસ્જિદમાં ધાર્મિક કક્ષાઓમાં ભાગ લેવા માટે ગયા હતા તેમણે એમપણ કહ્યુ હતુ કે આ બ્લાસ્ટમાં ઓછામાં ઓછા આઠ બાળકોના મોત થયા છે. અમીને કહ્યુ હતુ કે ભારતીય દૂતાવાસને કોઈ નુકસાન થયુ નથી. ભારતીય લોકો સુરક્ષિત છે. જો કે આ હુમલાને લઈને પહેલા ઈન્ટેજિલન્સ માહિતી આપવામાં આવી હતી. અફઘાનિસ્તાનના સુરક્ષાદળોએ બ્લાસ્ટ થાય બાદ સમગ્ર વિસ્તારને ઘેરી લઈને ઈજાગ્રસ્તોને હોસ્પિટલ ખસેડ્યા હતા. કોઈ પણ સંગઠને બ્લાસ્ટ માટેની જવાબદારી હજુ સુધી સ્વીકારી નથી. અફઘાનિસ્તાનમાં ભારતીય અધિકારીઓ અને ઈમારતો પર અગાઉ આ પ્રકારના હુમલાઓ તાલિબાન અને હક્કાની નેટવર્ક દ્વારા કરવામાં આવ્યા હતા. તેમના ઉપર જ મોટા ભાગે આક્ષેપો થતા રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે ૨૦૦૮માં ભારતીય દૂતાવાસ પર કારબોમ્બ હુમલો કરવામાં આવ્યો હતો જેમાં ૬૦ લોકોના મોત થયા હતા. ૨૦૧૦માં બે ગેસ્ટહાઉસ પર આત્મઘાતી હુમલા થયા હતા જેમાં સાત ભારતીયો સહિત ૧૬ લોકોના મોત થયા હતા.

# અનઓર્ગેનાઈઝ્ડ વર્કરોને પણ ટૂંકમાં પીએફ એકાઉન્ટ

ચેન્નાઈ,તા. ૩

એમ્પ્લોઈઝ પ્રોવિડંડ ફંડ ઓર્ગેનાઈઝેશન દ્વારા એક મહત્વકાંક્ષી યોજના તૈયાર કરી



લેવામાં આવી છે જેના ભાગરૂપે અનઓર્ગેનાઈ વર્કરોને પીએફ એકાઉન્ટ મળી જશે. એમ્પ્લોઈઝ પ્રોવિડંડ ફંડ ઓર્ગેનાઈઝેશન દ્વારા આ સંબંધમાં એક યોજના પર કામ ચાલી રહ્યું છે. ઈપીએફઓની તેની સૌથી ઉલ્લેખનીય યોજનાઓ પૈકીની એક તરીકે આને ગણવામાં આવે છે. ડિસેમ્બર મહિનામાં આ પ્લાન રજૂ થાય તેમ પણ માનવામાં આવે છે. આનાથી અનઓર્ગેનાઈઝ સેક્ટરમાં કામ કરતા તમામ સેક્ટરોને યુનિવર્સલ સામાજિક સુરક્ષા નંબર ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ નંબર ફરજિયાત પીએફ એકાઉન્ટ સાથે સંબંધિત રહેશે. સેન્ટ્રલ પીએફ કમીશનર કે કે જાલને કહ્યું છે કે આ સર્વિસથી તમામ વર્કરોને લઘુત્તમ પગારના અધિકાર અને સામાજિક સુરક્ષા મળી જશે.

૨૦થી વધુ કર્મચારીને નોકરી આપનાર કોઈને પણ આ યોજના અમલી બનાવવી પડશે. કર્મચારીઓની સામાજિક સુરક્ષા નંબર બેંક એકાઉન્ટની જેમ કામ કરશે. જ્યારે તે નવા સ્થળ ઉપર કામમાં જશે ત્યારે નવી કંપનીને આ વ્યવસ્થામાં આ નંબર જોડી દેવા પડશે અને તેના પીએફ ખાતામાં ટ્રાન્સફર કરવાની પ્રક્રિયા અપનાવવામાં આવશે. ભારતમાં કન્સ્ટ્રક્શન ક્ષેત્રમાં છ કરોડ લોકો કામ કરે છે પરંતુ તેમના પૈકી ૩૦ લાખથી પણ ઓછા લોકો સામાજિક સુરક્ષા છત્ર ધરાવે છે. આવી સ્થિતિમાં આ હિલચાલ વર્કરો માટે ખૂબ ફાયદાકારક રહેશે. અનઓર્ગેનાઈઝ સેક્ટરમાં સુરક્ષાને લઈને હાલમાં વારંવાર પ્રશ્નો થતાં રહે છે.

સેન્ટ્રલ પીએફ કમીશનર જાલનનું કહેવુ છે કે આ સર્વિસ શરૂ કરવામાં આવ્યા બાદ તમામ વર્કરોને લઘુત્તમ પગાર માટેના અતિ મહત્વપૂર્ણ અને જરૂરી અધિકારો મળી જશે. કન્સ્ટ્રક્શન ક્ષેત્રના લોકોને વધુ ફાયદો થાય તેવી વકી છે.